સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૫

ખેલાય છે જુગાર જીતવા, દુશ્મનો ને પૂંખે છે,
અને માખીઓ પણ, ગોળ જોઇ, સત્તાનો પૂગે છે,
પૂજે છે ગદર્ભને પણ પિતાશ્રી ગણી ગરજુ -
સત્તાના મોહમાં, પક્ષ કે સિધ્ધાંત, કોણ પૂછે છે?
(અજબ-ગજબની ગૂંલાટો)

હાઈકુ

કામ આપશે,
ટેકણ લાકડીનું -
પીપી ને બેટ!
(થઇ રાહત..)

ચૂંટણી ખેલે
'ઉદ્યોગપતિ' માટે -
લડે કૂકડાં..
(રાજકારણીઓ પ્યાદાં)

ચિંતન

નિન્દન્તુ નીતિનિપુણા યા વા સ્તુવન્તુ લક્ષ્મીઃ સમાવિશતુ ગચ્છતુ વા યથેષ્ટમ્ ।
અદ્યૈવ વા મરણમસ્તુ યુગાન્તરે વા ન્યાયાત્પથઃ પ્રવિચલન્તિ પદં ન ધીરાઃ ॥

વ્યવહાર અને નીતિમાં નિપુણ-હોંશિયાર એવા 'બુધ્ધિમાન પુરૂષો ભલેને નિંદા કરે કે પછી વખાણ કરે, લક્ષ્મી-સમૃધ્ધિ ભલે આવે કે મન ફાવે ત્યાં જાય, અને મરણ પણ જો થવાનું હોય તો આજે જ થાય કે યુગાન્તરો પછી થાય, પરંતુ ધીરજવાન, મક્કમ-અડગ પુરૂષો ન્યાય-કર્તવ્યના માર્ગથી એક ડગલું પણ વિચલિત થતાં નથી.'

જે ધીરજવાન છે તે ન્યાયના-કર્તવ્યના નિષ્ઠાના માર્ગને કદાપિ છોડતા નથી. પોતે જે સત્યના માર્ગે ચાલવા સિધ્ધાંત-નિયમો-ટેક નક્કી કર્યા હોય એને ગમે તેવી લાલચ-લોભ-ના આકર્ષણ આવે તો પણ પોતાના નિશ્ચયમાંથી તેઓ ચલિત થતાં નથી.

આવા અડગ નિર્ણય શક્તિવાળા-નિયમિત માણસો સમાજમાં લઘુમતિમાં હોય છે તેથી જે પોતાને 'ચલતાં પૂર્જા' કહેવાને બદલે 'વ્યવહારૂ'નો બૂરખો પહેરાવી-સિધ્ધાંત વિનાના - પાયા વિનાના ડગુમગુ ભંભૂટીયાની છાપ છૂપાવે છે.

આવા માણસો મૃત્યુથી પણ ડરતા નથી. ધનનો લોભ કે જૂઠું બોલી બચાવવાની વૃત્તિ પણ તેમનામાં હોતી નથી, પૈસો આવે કે જાય પણ પોતાનો નિર્ણય - બદલતા નથી.

ધીરજવાન આવા મક્કમ મનોબળ વાળા સિધ્ધાંતપ્રિય હોય છે.

સુવિચાર

- જો તમે સાચા હૃદયથી કોઇ કઠિન કાર્ય કરવાની ઇચ્છા રાખશો તો શક્તિ તો એની મેળે જ આવી રહેશે - **પ્રેમચંદજી**
- રાજા હોય કે ખેડૂત, પણ જેને પોતાના ઘરમાં શાંતિ મળે તે સૌથી વધુ ભાગ્યશાળી છે- **ગેટે**
- સફળ કેમ થવું! એનું રહસ્ય જે આજ સુધી સફળ નથી થઇ શક્યા એ લોકો જ જાણે છે- **કોલિન્સ**
- સંસાર રૂપી કટુ વૃક્ષ પર પણ બે મીઠાં ફળ લાગે છે એક પ્રિય વચન અને બીજું સત્સંગ - **ચાણક્ય**
- માનવી પોતે જ પોતાના આનંદનો નિર્માતા છે - **થોરો**
- દરેક માણસ પોતાનું નશીબ પોતે-જાતે જ લખે છે - **સેલેસ્ટર**
- જિંદગીમાં મુશીબતો ઓછી કરવા ઇચ્છતા હો તો અત્યંત વ્યસ્ત રહો - **વોલ્ટેર**

બોધ કથા

આપણી આપત્તિઓ, મુશ્કેલીઓ, દુર્ભાગ્ય, નિષ્ફળતા પાછળ સાચા હૃદય અને ઊંડો વિચાર કરીએ તો એમાં કારણ રૂપ આપણું જ આળસ, આપણી ભૂલો કે આપણો સ્વભાવ જ હશે તેમ છતાં આપણે દોષનો ટોપલો જે નજીક-આસપાસ ન બોલી કે બચાવ ન કરી તેના પર ઢોળી દઇએ છીએ..

બાદશાહ ઝરૂખામાં દાંતણ કરતો હતો. ત્યાં વાણીયો મોતીચંદ દુકાને જતો હતો. બંનેની નજર મળી. મોતીચંદે કૂર્નીસ કરી. બાદશાહે સ્મિત આપ્યું.

બાદશાહ રાની ટેબલે બેઠો. રાણી બબડાટ કરતી આવી. ચા બગડી ગઇ છે! બાદશાહ નાહવા ગયો-પાણી જ આવતું નો'તું. જેમતેમ તૈયાર થવા ગયો. દોઢી જ બે-ત્રણ દિવસથી નો'તો આવ્યો. જૂના કપડાં પહેરી તૈયાર થયો તો મોજડી તૂટી ગઇ!

દરબારમાં પણ સમસ્યાઓ આવી. બપોરે જમવા બેઠો ને થાળીમાં ગરોળી પડી. બાદશાહે થાળી ફેંકી. બીજી પીરસી ત્યાં તો પોલીસ-ડાયરેકટર જનરલનો ફોન આવ્યો. સીબીઆઇ વાળા બોલાવે છે આવી જાવ! રાજા પગ પછાડતો ગયો.

બપોરે, આખા દિવસની તકલીફોનું મૂળ શોધતાં નક્કી કર્યું. મોતીચંદને મોઢું જોયું ને હેરાન થયો. ફાંસીનો આદેશ કર્યો.

મોતીચંદ દુઃખી થયો. બીરબલને મળ્યો. બીરબલે એને છેલ્લી ઇચ્છા પુછી ત્યારે શું કહેવું એ શીખવાડ્યું.

જલ્લાદે દિવાનની હાજરીમાં પૂછ્યું. છેલ્લી ઇચ્છા શું છે? મોતીચંદ કહે, હમણાં જ નગરમાં ઢંઢેરા પીટાવો કે 'સવારના ઘંઘે જતાં પહેલાં બાદશાહનું મોઢું ન જોવું - એ અપશુકનિયાળ છે - જો જોવાઇ જાય તો ફાંસી થાય છે.'

બાદશાહને કાને વાત ગઇ. બીરબલની બુધ્ધિ લાગે છે કહી આ વાત ગુપ્ત રાખવાની શરતે મોતીચંદની ફાંસી માફ કરી દીધી.

અભી ન પર્દા ગિરાઓ, ઠહરો, કી દાસ્તાં આગે ઔર ભી હૈ

કોફી હાઉસ
- ઉત્સવ પરમાર

એ સ્પેનમાં જન્મ્યો હતો. એ ફિલોસોફી પણ ભણ્યો, ભારતમાં ચર્ચ, મંદિરો, મસ્જિદોમાં લગભગ એક વર્ષ સુધી ફર્યો અને અનુભવોનું એક ફલક બાંધ્યું. થોડાં વર્ષો બાદ તેણે એક અદ્‌ભૂત નવલકથા લખી, જેને લંડનનાં પ્રખ્યાત પબ્લિશિંગ હાઉસનું રિજેક્શન મળ્યું. છેલ્લે એક કેનેડિયન પબ્લિશિંગ હાઉસ તે નોવેલ છાપે છે એન્ડ બિંગો! નોવેલ વિન્સ બુકર!!

તેનો જન્મ તાઇવાનમાં થયો. ચાઇનીઝ સિવિલ વોર વખતે ૧૯૪૯માં તેના માતા-પિતા ચીન છોડી તાઇવાનમાં આવીને વસે છે. તે યુનિવર્સિટી એન્ટ્રેંસ એક્ઝામમાં બે વખત નાપાસ થાય છે. એના પિતા તેને પ્રોફેસર બનાવવા ઇચ્છતા હતા પણ તે આર્ટ્સ સ્કૂલમાં જોડાઇને નાટકો અને પર્ફોર્મિંગ આર્ટ્સમાં રસ પેદા કરે છે અને વર્ષો બાદ એ બેસ્ટ ડિરેક્ટરનો એકેડમી એવોર્ડ જીતનાર પહેલો એશિયન બને છે!!

આ બંનેને યાદ કરવાની જરૂર એટલા માટે પડી કેમ બંનેની કલ્પનાશક્તિનાં તોફાને ફિલ્મ થિયેટરની સ્ક્રીન પર તોફાન મચાવી દીધું. શરૂઆતમાં જે લેખકની વાત કરી તે યાન માર્ટેલ અને પછી જે ડિરેક્ટરની વાત કરી તે આંગ લી. અને જે ફિલ્મ અને પુસ્તકની વાત કરી તે લાઇફ ઓફ પાઇ!!

એક વિચિત્ર ટાઇટલ ધરાવતી આ ફિલ્મની કથાવસ્તુ પણ થોડી અજીબ છે. એક બોટ છે જેમાં એક ઝરખ છે, એક ઝેબ્રા છે, એક ઓરાંગઉટાન છે અને એક વાઘ પણ છે. આ વાઘ ત્રણેયને મારી નાખે છે અને એ બોટ પર બચે છે ફક્ત પેલો છોકરો અને પછી શરૂ થાય છે જીવન માટેનો સંઘર્ષ જે ૨૨૭ દિવસ સુધી ચાલે છે. વાર્તા કાલ્પનિક છે, તે માત્ર સિમ્પલ કારટૉનર્વ સ્ટોરી નથી પણ દરિયો, પેલો છોકરો અને વાઘ સિવાય એક ચોથું પાત્ર સતત હાજર છે તે આશા... જીવન માટેની આશા અને જીજીવિષા.

માધ્યમ ચાહે ગમે તે હોય, આશય એક માત્ર એક જ છે - આશા ન છોડવી, જીદ ન છોડવી - સંઘર્ષ દરિયાની વચ્ચે હોય કે પહાડોની વચ્ચે - આ તો ફક્ત એવા પ્રતીકો છે જેને આપણે સરળતાથી સમજી શકીએ છીએ - ઓળખી શકીએ છીએ

સ્ટોરીની જેમ ફિલ્મ ટેકનિકલી પણ મજબૂત છે - "અવતાર" જેવી ફિલ્મોની શ્રેણીની વધુ એક મજબૂત કડી છે. ફિલ્મ કુદરતની રૌદ્ર અને સૌમ્ય સ્વરૂપને ખૂબસૂરતીથી દર્શાવે છે - ખૂબસૂરતી જોવા માટે એક દૃષ્ટિ જોઇએ એ લગભગ ફિલ્મ જોઇને જ ખ્યાલ આવે છે એ દરિયાનાં પાણી પર પડતાં પ્રતિબિંબ હોય કે તોફાની હવાઓમાં ઓગળતી વિજળીનાં ચમકારા. આ તમામની વચ્ચે એ છોકરો અને વાઘ - આ દરિયો છે, જ્યાં ફક્ત એ છોકરો જ લાચાર છે એવું નથી - વાઘ જંગલમાં રાજાની જેમ ફરી શકે - દરિયામાં નહીં - એક એક ક્ષણમાં કેટલીય વાર્તાઓ!!

સંઘર્ષ દરિયા સામે તો હતો જ પણ સાથે જ હતો પોતાની ભીંતર. અંદર ચાલતી લડાઇ ઘાતક હોય છે. ફિલ્મનો એક ડોયલોગ છે જેમાં પાઇ કહે છે કે, ભૂખ તમારી તમામ ગેરસમજ દૂર કરી નાખે છે - અસ્તિત્વનો સવાલ બુધ્ધિનાં આયામોની પણ ઉપર છે.

માણસની ભીંતર ચાલતાં સંઘર્ષની જ અદ્‌ભૂત કથા કહેતી બીજી એક ફિલ્મ છે - ૧૨૭ અવર્સ, જે લાઇફ ઓફ પાઇથી વિપરિત એક સત્ય ઘટના પર આધારિત છે. ૨૬ એપ્રિલ, ૨૦૦૩નાં દિવસે એરન રાલ્સ્ટન નામનો વ્યક્તિ હાઇકિંગ માટે ઉટાહ (અમેરિકા)નાં બ્લૂ કેન્યન જાય છે અને અકસ્માત વશ એક નિર્જન જગ્યા પર સાંકડી પહાડી દરારમાં ફસાઇ જાય છે અને એક હાથ મોટા પથ્થર નીચે દબાઇ જાય છે - અને પછી શરૂ થાય છે મન અને મૃત્યુ વચ્ચેની કશમકશ - ૧૨૭ કલાકમાં અંતે પોતાનો હાથ જાતે જ કાપીને બહાર નીકળે છે - હકીકત અકલ્પનીય છે - ફિલ્મ વધુ સારી સમજ આપે છે, ડિરક્ટર છે સ્લમડોગ મિલિયોનર - ડેઇમ ડેની બોયલે. એરન રાલ્સ્ટને પોતાનાં અનુભવને આલેખતું પુસ્તક પણ લખ્યું છે - બિટવીન અ રોક એન્ડ હાર્ડ પ્લેસ!!

માધ્યમ ચાહે ગમે તે હોય, આશય એક માત્ર એક જ છે - આશા ન છોડવી, જીદ ન છોડવી - સંઘર્ષ દરિયાની વચ્ચે હોય કે પહાડોની વચ્ચે - આ તો ફક્ત એવા પ્રતીકો છે જેને આપણે સરળતાથી સમજી શકીએ છીએ - ઓળખી શકીએ છીએ પણ મુસીબતો કદી આઇ-ડી કાર્ડ લઇને નહીં જ આવે, ન તો કોઇ ઇન્વિટેશન કાર્ડ લઇને અને આ જિંદગીની દાસ્તાન છે જે અટકવાની નથી જ... અને છેલ્લે ગુલઝાર સા'બની કવિતા!!

અભી ન પર્દા ગિરાઓ, ઠહરો, કિ દાસ્તાન આગે ઔર ભી હૈ

અભી ન પર્દા ગિરાઓ, ઠહરો!!

અભી તો ટૂટી હૈ કચ્ચી મિટ્ટી, અભી તો બસ જિસ્મ હી ગિરે હૈ

અભી તો કિરદાર હી બૂઝે હૈ!

અભી સુલગતે હૈ રૂહ કે ગમ, અભી ધડકતે હૈ દર્દ દિલ કે

અભી તો અહસાસ જી રહા હૈ!

યહ લૌ યા લો મે થક કે કિરદાર કી હથેલી સે ગિર પડી હૈ

યહ લૌ બચા લો યહી સે ઉઠેગી જૂસ્તજૂ ફિર બગૂલા બનકર

યહી સે ઉઠેગા કોઇ કિરદાર ફિર ઇસી રોશની કો લેકર

કહી તો અંજામ-ઓ-જૂસ્તજૂ કે સિરે મિલેંગે

અભી ન પર્દા ગિરાઓ, ઠહરો!

- ch9723367947@yahoo.com

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૩૦મી નવેમ્બર

- નાઇટ હૂડ તરીકે જાણીતા, મુંબઇ મિલ ઉદ્યોગના રાજા, અને 33 વર્ષની વયે મુંબઇ મ્યુનિ. કોર્પો.ના મેયર બનનાર સર વિઠ્ઠલદાસ ઠાકરસીનો જન્મ.

૧૫ લાખની સખાવત કરી. નાથીબાઇ દામોદર ઠાકરસી મહિલા વિદ્યાપીઠના સ્થાપક.

- જગતભરના વિજ્ઞાનક્ષેત્રમાં વનસ્પતિ ચેતનાની નવી જ દિશા ઉઘાડનારા મેધાવી વિજ્ઞાની સર જગદીશચંદ્રનો જન્મ ઢાંકાથી ૩૫ માઇલ દૂર વિક્રમપુર ગામમાં.

વનસ્પતિ વિષયક સુક્ષ્મ સંશોધન કર્યા. તેના માટે ક્રેસ્કોગ્રાફ નામનું યંત્ર બનાવ્યું. અનેક ગ્રંથો લખ્યા.

- ૧૯૦૧ - બહેરાં માણસો માટે પહેલું શ્રવણયંત્ર ઓકોફોન બનાવવામાં આવ્યું.
- ૧૮૭૪ - વિશ્વના સમર્થ રાજદ્વારી સર વિન્સ્ટન્ટ ચર્ચિલનો જન્મદિન.
- ૧૯૦૦ - ઓસ્કાર વાઇલ્ડ - વિખ્યાત આયરીશ સાહિત્યકારની પુણ્યતિથિ.
- ૧૯૦૯ - ભારતના કણવિદ - વડોદરા રાજ્યના દિવાન રમેશચંદ્ર દત્ત અને નાટ્ય લેખક કવિ દોલતરામ કૃપારામ પંડ્યાનું અવસાન - ૧૯૧૫.

ગુજરાત ખનીજક્ષેત્રે કઇ પ્રાકૃતિક સંપદાથી સમૃધ્ધ છે?

ખંજાનો

અનિલ પરેલ

વિષય : કૃષિ અને જંગલ

(૧) ગુજરાતમાં લીલાછમ્મ ઘાસોથી આચ્છાદિત ભૂમિ કઇ છે?
(અ) વિદ્યાનગર (બ) વેળાવદર (ક) ગાંધીનગર (ડ) મોરબી
(૨) ગુજરાતમાં મૌસમના મિજાજ ધાર કરતાં જંગલો કયાં આવેલા છે?
(અ) ગીર (બ) જામનગર (ક) ઇડર (ડ) ડાંગ
(૩) ગુજરાતમાં વિશાળ જીવસૃષ્ટિની ભૂમિ કઇ છે?
(અ) થોર (બ) ગીર (ક) જામનગર (ડ) નળ સરોવર
(૪) ગુજરાતમાં વિશાળ પરિદૃશ્ય કયાં આવેલું છે?
(અ) ગાંધીધામ (બ) લીંબડી (ક) કચ્છનું નાનું રણ (ડ) ભૂજ
(૫) ભારતના ફાર્માસ્યુટિકલ ઉત્પાદનોમાં એકલા ગુજરાત રાજ્યનો હિસ્સો કુલ કેટલા ટકાનો છે?
(અ) ૪૦ (બ) ૩૦ (ક) ૧૦ (ડ) ૨૦
(૬) ગુજરાત મોસમી ગીચ જંગલો તરીકે કયાંના જંગલો વિખ્યાત છે?
(અ) ડાંગના ગીચ જંગલો (બ) ગીરના ગીચ જંગલો
(ક) ઇડરના ગીચ જંગલો (ડ) ભીલોડાના ગીચ જંગલો
(૭) ગુજરાતમાં દરિયાઇ ટાપુ તરીકે કયાંના ટાપુ ઓળખાય છે?
(અ) પાલીતાણા ટાબુ (બ) પીરોટણના ટાપુ
(ક) ઇડરના ટાપુ (ડ) હીંગળાજપુરના ટાપુ
(૮) ગુજરાતનો હીરા અને ઝવેરાત ઉદ્યોગ દેશની કુલા હીરા નિકાસમાં કેટલા ટકાનો હિસ્સો ધરાવે છે?
(અ) ૨૦ ટકા (બ) ૮૦ ટકા (ક) ૭૦ ટકા (ડ) ૪૦ ટકા
(૯) ગુજરાતમાં કેટલા અબજ હેકટર્સના જંગલ વિસ્તાર ધરાવે છે?
(અ) ૨.૦૦ (બ) ૧.૫૦ (ક) ૧.૬૦ (ડ) ૧.૮૮
(૧૦) દેશના કુલ રસાયણ ઉત્પાદનમાં ગુજરાત રાજ્ય કેટલા ટકા હિસ્સો ધરાવે છે?
(અ) ૧૦ ટકા (બ) ૧૫ ટકા (ક) ૨૦ ટકા (ડ) ૩૦ ટકા
(૧૧) રાજ્યના પિયત જમીનમાં અંદાજિત કેટલા લાખ હેક્ટર્સ બાગાયતી પાકો લેવામાં આવે છે?
(અ) ૭૫ (બ) ૮૫ (ક) ૧૦૯ (ડ) ૧૬૦
(૧૨) ગુજરાતમાં ઇન્ડ્રસ્ટીયલ પાર્ક સ્કીમ કઇ સાલમાં અસ્તિત્વમાં આવી?
(અ) ૨૦૦૧ (બ) ૨૦૦૨ (ક) ૨૦૦૩ (ડ) ૨૦૦૪
(૧૩) રોજગાર કેન્દ્રીય સ્કીમમાં ન આવતાં હોય કે હાઇટેક પાર્ક ન હોય તેવા સંપૂર્ણપણે ફિક્સ મુડી રોકાણ ધરાવતા રૂપિયા કેટલા કરોડ કે તેથી વધુ કિંમતના પાર્કને ઇન્ડસ્ટ્રીયલ પાર્ક કહેવામાં આવે છે?
(અ) ૨૦ (બ) ૩૦ (ક) ૫૦ (ડ) ૪૦
(૧૪) ગુજરાત ખનીજક્ષેત્રે કઇ પ્રાકૃતિક સંપદાથી સમૃધ્ધ છે?
(અ) ચૂના (બ) કોલસો (ક) બોકસાઇટ (ડ) ઉપરોક્ત ત્રણેય
(૧૫) ગુજરાતમાં ઇન્ડસ્ટ્રીયલ પાર્ક યોજના દ્વારા કયા ક્ષેત્રમાં રોકાણની નવી તકો વધી છે?
(અ) ઔદ્યોગિક ક્ષેત્રે (બ) વ્યવસાયિક ક્ષેત્રે
(ક) સર્વિસના ક્ષેત્રે (ડ) ઉપરોક્ત ત્રણેય

● વિવિધા ●

વિષય :- તખલ્લુસ અને સાહિત્યકાર

- અઝિઝ : **ધનશંકર ત્રિપાઠી**
- અદલ : **અરદેશ ખબરદાર**
- અનામી : **રણજીતભાઇ પટેલ**
- અજ્ઞેય : **સચ્ચિદાનંદ વાત્સ્યાયન**
- ઉપવાસી : **ભોગીલાલ ગાંધી**
- ઉશનસ્ : **નટવરલાલ પંડ્યા**
- ઠોઠ નિશાળિયો : **બકુલ ત્રિપાણી**
- દર્શક: **મનુભાઇ પંચોળી**
- ધ્યુરેફ: **શેષ, સ્યૈર વિહારી, રામનારાયણ પાઠક**
- કલાપી : **સુરસિંહજી ગોહિલ**
- કાન્ત : **મણિશંકર ભટ્ટ**
- કાકાસાહેબ : **દત્તાત્રેય કાલેલકર**
- ઘનશ્યામ : **કનૈયાલાલ મુનશી**
- ગાલિફ : **મનુભાઇ ત્રિવેદી**
- ચકોર : **બંસીલાલ વર્મા**
- જયભિખ્ખુ : **બાલાભાઇ દેસાઇ**
- જિપ્સી : **કિશનસિંહ ચાવડા**

● ગયા સપ્તાહનો સવાલ...?

સવાલ - સંસદ પર હુમલો કરનાર કયાં આતંકવાદીને હજુ ફાંસીની સજા આપવાની બાકી છે? **જવાબ - અફઝલ ગુરૂ**

● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) મૂળજીભાઇ પરમાર 'દધિ' : ૫૫૩/૧, સે-૭બી
(૩) જયેન્દ્રપ્રસાદ એમ. પાઠક : ઇન્ફોસીટી જુ. સાયન્સ કૉલેજ
(૪) નટુભાઇ દરજી : પેથાપુર
(૫) મહેશ એમ. જાદવ : ૩૦
(૬) આકાશ જી. પટેલ : સે-૨૩
(૭) ધાર્મિક એલ. પટેલ : સે-૨૦
(૮) હાર્દિક. એન. ભટ્ટ : સે-૨૪
(૯) ઇશિતા હરેન્દ્રસિંહ જાદવ : સે-૩૦

● પૂછું એક સવાલ...?

(૧) પરમાર જતીન. ડી : સે-૧૪થી
પ્રશ્ન - રઝિયા શેખ કઇ રમત માટે જાણીતા હતા?
જવાબ - ભાલા ફેંક
(૨) કિંજલ બી. પટેલ : સે-૨૮થી
પ્રશ્ન - આંધ્રપ્રદેશનું ગુંટુર કયા વેપાર માટે જાણીતું છે?
જવાબ - તમાકુના વેપાર માટે
(૩) પ્રદ્યુમન. એલ. વાઘેલા : સે૦૨૮થી
પ્રશ્ન - સૌ પ્રથમ ટેલેક્ષ સેવા કયા બે શહેરો વચ્ચે શરૂ થઇ હતી?
જવાબ - અમદાવાદ - મુંબઇ વચ્ચે - ૧૯૬૩માં
(૪) પટેલ રિન્કલ. એચ : સે-૩એ
પ્રશ્ન - સૌથી મોટી જવાહર ટનલ કયાં આવેલી છે અને તેની લંબાઇ કેટલી છે?
જવાબ - આ ટનલ ૨.૫ કિ.મી. લાંબી છે જે જન્મુ - કાશ્મીરમાં આવેલી છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

ઢેફાં

ભારત દેશ
બંગાળની ધરતી
તેમાં એક શહેર
તેનો એક બગીચો
બગીચામાં બાર વરસનો એક છોકરો
નામ વીરેશ્વર મુખોપાધ્યાય.

એ તો બગીચામાં અમથો અમથો આંટો મારતો હતો. કતારબંધ ઝાડ, રંગબેરંગી ફૂલોના છોડ ને ફાંકડા ફુવારાની આસપાસ ઘૂમવાની કેવી મજા!

એવામાં એક કાબૂલી પઠાણ ગાંસડાં - પોટલાં ઊંચકીને બગીચામાં આવ્યો. વડલા નીચે બેઠો. પોટલામાંથી ભાતુ કાઢ્યું. કટકબટક ખાઇને થોડીવાર સૂતો. પછી પોટલાં ઊંચક્યાંને બગીચાની બહાર નીકળી ગયો.

એને તો હજુ ચાલીને દૂરના ગામે પહોંચવાનું હતું.

પઠાણના ગયા પછી પણ વીરેન્દ્ર બગીચામાં આંટા મારતો મારતો ઊભો રહી ગયો. એણે જોયું તો વડલા નીચે એક થેલી પડી હતી. નજીક જઇને જોયું તો થેલીમાં રૂપિયા હતા. તેને થયું આ થેલી તેના સાચા માલિકને સોંપવી જોઇએ.

આ બાજુ કાબુલી પઠાણ આગળ નીકળી ગયો હતો. પાછો ચાલતો થાક્યો એટલે ઝાડ નીચે બેઠો.

જેવો બેઠો તેવો હબકી ગયો; આ પોટલાં ભેગી રૂપિયાની થેલીય હતી, તે ક્યાં?

થેલી ન દેખાવાથી પઠાણને તો પરસેવો વળી ગયો. તરત દોડવા માંડ્યો. પેલા શહેરના બગીચા તરફ. બગીચાના દરવાજે વીરેશ્વર મુખોપાધ્યાય ઊભો હતો. પઠાણને આવતો જોઇ તેને થયું આ જ થેલીનો માલિક હશે. એણે પઠાણને પૂછ્યું, ''કેમ દોડતા આવ્યાં?'' ''ભાઇ, મારી રૂપિયાની તેલી ખોલાઇ છે.'' પઠાણે કહ્યું.

એટલે વીરેશ્વર પઠાણને થેલી બતાવી. તો પઠાણે ઝટ લઇને હાથમાં લઇ લીધી. એક રૂપિયો પણ ઓછો થયો ન હતો.

પઠાણને હવે હાથ થઇ. જેલમાં મોકલ્યા વગર માલિક રહેત નહીં. પઠાણને અચરજ થયું આ તે કેવો છોકરો! મારી રાહ જોઇને ઊભો રહ્યો.' એણે છોકરાને પૂછ્યું, 'બચ્ચા, તને રૂપિયા લઇ લેવાની લાચલ ના થઇ?'

''બીજાના રૂપિયા તો માટીનાં ઢેફાં કહેવાય, એ વળી કેવી રીતે લેવાય?'' વીરેશ્વરે કહ્યું.

પઠાણે પાંચ રૂપિયા કાઢી ઇનામ આપવા લાગ્યો પણ છોકરાએ કહ્યું, 'ઇનામ વળી શેનું?' તમારા રૂપિયા હતા ને તમને સોંપ્યા.

પઠાણે આ વાત છાપામાં છપાવી. એ છાપું વાંચીને વીરેશ્વર મુખોપાધ્યાય એકલો એકલો બોલી પડ્યો, 'આ વાત છાપામાં છપાશે એવી તો નહોતી ખબર!'

- **ઇશ્વર પરમાર**

પરપોટા જ પરપોટા !

તમને સાબુના પાણીના પરપોટા કરવા તો ખૂબ જ ગમે, ખરૂં ને? અહીં દેખાતા બાબાભાઇએ પણ એવા પરપોટા કર્યા છે. પણ એ ગણી નથી શકતા કે એ કેટલા પરપોટા છે... તમે ગણી શકશો?

જવાબ : અમને ૧૯ પરપોટા દેખાય છે. તમને?

બાળ મિત્રો,

''જે હાથ બીજાઓને ગુલાલ આપે છે
તે હાથ આપોઆપ સુગંધભર્યો બને છે.''

- કોઇને લાગણીથી ગુલાબનું ફૂલ આપીએ. ત્યારે આપણો હાથ પણ ગુલાબની સુગંધથી મહેંકી ઊઠે છે. એવી જ રીતે ભલેને નાનકડું હોય પણ કોઇનું પ્રેમપૂર્વક કામ કરીએ ત્યારે આપણી લાગણી સામેની વ્યક્તિને તો પહોંચે જ છે પણ આપણા હૃદયમાં પણ આનંદ આનંદ થઇ જાય છે. માટે હરહંમેશ બધાયને મદદરૂપ થવા તૈયાર રહેવું જોઇએ અને સૌની સાથે પ્રેમથી વાત કરવી જોઇએ. કેમ કે, અંતે તો આપણને જ હરખ થાય છે અને કંઇક સારૂં કર્યાનો સંતોષ થાય છે.

હરતો - ફરતો રોબોટ જોઇને...

હરતો ફરતો રોંબોટ જોઇને
બાળક સૌ હરખાતાં,
હાથ હલાવે, આંખ ગુમાવે
જોઇ દંગ થઇ જાતાં.
ચાંપ દાબતાં કામ કરે એ
ના આળસ ફરિયાદ
એ કશે કે હું કરવાનો -
ના કરતો એ વાદ.
ઝૂકી ઝૂકી કરે સલામો
સૌ રૂડું મલકાતાં.
ભાષા એની એક સરીખી
ના ચહેરા પર ભાવ,
પ્રેમ લાગણી નફરતનો ભઇ
જોવા મળે અભાવ;
હોઠો પર ના સ્મિત ફરકતું
ના આંસુ છલકાતાં,
હરતો ફરતો રોંબોટ જોઇને
બાળક સૌ હરખાતાં

- **હરીશ પંડ્યા**